GlucoRx

ટીડી-૪૨૩૦

બ્લડ ગ્લુકૉઝ મોનિટરિંગ સીસ્ટમ

પહેલી વારના વાપરાશકર્તા માટે માર્ગદર્શિકા

પ્રિય ગ્લુકોઆરએક્સ ટીડી-૪૨૩૦ સીસ્ટમધારક

આપના મધુમેહનું પ્રભાવી પ્રબંધન કરવા ટીડી–૪૨૩૦ બ્લડ ગ્લુકોઝ સીસ્ટમ પસંદ કરવા માટે આપનો આભાર. વિશેષતઃ ઘરમાં જ આપના રક્તમાં ગ્લુકોઝની સ્વયં–દેખરેખ માટે આ સીસ્ટમ વાપરવામાં સરળ છે. સ્ટ્રિપ–ઈજેક્શન બટન અને ૪ વિભિન્ન યાદગીરી ઍલાર્મ, આ સીસ્ટમની લાક્ષણિકતા છે.

પટ્ટીને અડક્યા વિના વપરાયેલી પટ્ટીને બહાર કાઢવામાં સ્ટ્રિપ–ઈજેક્શન બટન આપને મદદ કરે છે. જૈવિકપણે જોખમી પદાર્થો દ્વારા આપને થવાના સંભવિત ચેપને એ ટાળે છે. ઍલાર્મ ફંક્શન આપને દરરોજ, નિશ્ચિત સમયાંતરે રક્ત ગ્લુકોઝ પરીક્ષણ કરવાનું યાદ અપાવે છે, જે આપને ગ્લુકોઝને નિયંત્રિત રાખવામાં સહાયક બને છે.

આપની પહેલી વારના વપરાશકર્તા માટેની માર્ગદર્શિકા આપને આ સીસ્ટમને ગોઠવવામાં અને પરીક્ષણ કરવામાં સહાય કરે છે. કૃપા કરીને વાપરતાં પહેલાં કાળજીપૂર્વક વાંચજો. સીસ્ટમના વપરાશ અને વિશિષ્ટતાઓ વિશેની સંપૂર્ણ માહિતિ માટે, કૃપા કરીને ઑનર્સ મૅન્યુઅલનો સંદર્ભ તપાસજો.





૧. મીટર સેટ કરો



૧–૧ સેટિંગ શરૂ કરવા માટે જ બટન દબાવો. વર્ષ પહેલાં ઝબુકશે થશે.



૧–૨ ફેરફાર કરવા માટે M બટન દબાવો. M બટન દબાવી રાખવાથી નંબરોને ઝડપથી ફેરવી શકાય છે. આગળ કરવા માટે સેટ બટન દબાવો.

૧–૩ તારીખ ઝબુકે થાય છે. ફેરફાર કરવા માટે ચરણ ૧–૨ અનુસરો.
તારીખ ગોઠવવાનાં ક્રમાનુસાર ચરણો છેઃ

સમય

મેમરી ડીલીશન – ઍલાર્મ ફંક્શન

સેટિંગ પૂરું થઈ ગયા પછી મીટાર આપમેળે બંધ થઈ જશે.

મેમરી ડીલીશન અને ઍલાર્મ ફંક્શન માટે કૃપા કરીને આપના ઑનર્સ મૅન્યુઅલનો સંદર્ભ તપાસવો.

૨. લૅન્સિંગ ડીવાઇસ સેટ કરો



૨–૧ લૅન્સિંગ ડીવાઇસની કૅપ ઉપર તરફ ખેંચો.



૨–૨લૅન્સેટને લૅન્સેટ હોલ્ડરમાં દાખલ કરો અને તેના સ્થાને ચુસ્તપણે પૂરેપુરું બેસી જાય ત્યાં સુધી દબાવો.

૨–૩લૅન્સેટ ઉપરથી રક્ષણાત્મક ડિસ્ક ઘુમાવો.





૨–૪ આંગળીના ટેરવામાંથી લોહી. કૅપ પરની તીરની નિશાનીને રીલીઝ બટનની સીધમાં ગોઠવો. એડ્જસ્ટેબલ ટિપને બંને તરફ ફેરવીને સોય દાખલ કરવાની ઊંડાઈ નિશ્ચિત કરો, જેથી કૅપ પરની તીરની નિશાની ઉપયુક્ત ઊંડાઈ દર્શાવે. જેટલી ઈન્ડિકેટર લાઈનની લંબાઈ વધુ, એટલી જ ઊંડાઈ સુધી સોય ત્વચાની અંદર દાખલ થશે. કોકિંગ કન્ટ્રોલને, તે ક્લિક અવાજ સાથે અટકે, ત્યાં સુધી પાછળની તરફ ખેંચો. જ્યારે એ તૈયાર થઈ જશે ત્યારે રીલીઝ બટનમાં અંદરનો રંગ બદલાઈ જશે.



૨–૫ આંગળી સિવાયના સ્થાનેથી લોહી લેવા માટે. લૅન્સિંગ ડીવાઇસ કૅપને બદલે ક્લીયર કૅપ લગાડો. કોકિંગ કન્ટ્રોલને, તે ક્લિક અવાજ સાથે અટકે, ત્યાં સુધી પાછળની તરફ ખેંચો.

૩. આપના રક્ત ગ્લુકોઝનું પરીક્ષણ કરો

૩–૧ આપના હાથધોઈને પૂર્ણપણે સુકવો. એક ટેસ્ટ સ્ટ્રિપ બહાર કાઢો અને વાયલને ચુસ્તપણે બંધ કરી દો.

૩–૨ શરૂ કરવા માટે ટેસ્ટ સ્ટ્રિપને દાખલ કરો. તારીખ અને સમય સાથે 'ઈઈઉો' અને , ઝબુકતી '' '' દર્શાવતી સ્ક્રીની, તમે એલર્સીડી ડિસ્પ્લે પર જોઈ શકશો.



૩–૩ આપની આંગળીમાંથી લોહીનું ટીપું કાઢવું. લૅન્સિંગ ડીવાઇસને આંગળીના ટેરવા પર છિદ્ર કરવાના સ્થાને સ્થિરતાપૂર્વક ધરી રાખો. બટનને રીલીઝ કરો અને લોહીનું એક ટીપું કાઢો. ટેસ્ટ સ્ટ્રિપમાં આપનું લોહી લગાડવા માટે ચરણ ૩–૫ ઉપર જાઓ.



૩–૪ આંગળી સિવાય અન્ય સ્થાનમાંથી લોહીનું ટીપું કાઢવું. લૅન્સિંગ ડીવાઇસને છિદ્ર કરવાના સ્થાને સ્થિરતાપૂર્વક ધરી રાખો. બટનને રીલીઝ કરો અને લોહીનું એક ટીપું કાઢો. ટેસ્ટ સ્ટ્રિપમાં આપનું લોહી લગાડવા માટે ચરણ ૩–૫ ઉપર જાઓ.



૩–૫ જ્યારે ડિસ્પ્લેમાં પર '💧 '' ઝબુકે ત્યારે, જ્યાં સુધી કન્ફર્મેશન વિન્ડૉ પૂર્ણપણે ભરાઈ જાય ત્યાં સુધી, ટેસ્ટ સ્ટ્રિપના શોષક છિદ્ર પર આપનું રક્ત અડકાડી રાખો.

૩–૬ મીટર '૦' સુધી ગણતરી કરી લે પછી, આપના પરીક્ષણનું પરિણામ તારીખ, સમય અને પરિણામ સૂચક સાથે દેખાશે, અને તે આપમેળે મેમરીમાં દાખલ થઈ જશે.

૩–૭ ટેસ્ટ સ્ટ્રિપ બહાર કાઢો. ત્યારબાદ મીટર આપમેળે બંધ થઈ જશે. વપરાયલી પટ્ટી અને લૅન્સેટને આપની સ્થાનિક આવશ્યકતાઓ અનુસાર ફેંકી દેજો.

૪. આપનું પરિણામ વાંચો

આ સીસ્ટમમાંથી જ્યારે આપ પરીક્ષણનાં પરિણામો મેળવો ત્યારે, આપના રક્ત ગ્લુકોઝ પર ઉત્તમ નિયંત્રણ મેળવવા માટે નિમ્નાંકિત સ્તરો દ્વારા આપનાં પરીક્ષણ પરિણામો તપાસી શકો છો.

	દિવસનો સમય	
	અનાહાર અને ભોજન પહેલાં	આહાર લેવાના ૨ કલાક પછી
મધુમેહરહિત લોકો માટે પ્લાસ્મા ગ્લુકોઝ રેંજ (mmol/L)	૩.૫ – ૫.૫ mmol/L	૮ mmol/ક કરતાં ઓછું
ટાઇપ ૧ મધુમેહ ધરાવતા બાળકો (NICE ૨૦૦૪)	૪ – ૮ mmol/L	૧૦ mmol/ક કરતાં ઓછું
ટાઇપ ૧ મધુમેહ ધરાવતા પુખ્ત વયના લોકો (NICE ૨૦૦૪)	૪ – ૭ mmol/L	૯ mmol/ક કરતાં ઓછું
ટાઇપ ૨ મધુમેહ ધરાવતા લોકો (NICE ૨૦૦૮)	૪ – ૭ mmol/L	૮.૫ mmol/ક કરતાં ઓછું

ડાયાબીટિઝ યુકેનો સંદર્ભ :
http://www.diabetes.org.uk/Guide-to-diabetes/Treatment_your_health/Monitoring/Blood-glicose/Blood-glucose-target-ranges/

આપને માટે શ્રેષ્ઠપણે કારગર હોય તે લક્ષિત રેંજ નિર્ધારિત કરવા માટે કૃપા કરીને આપના ડૉક્ટરની સાથે મળીને કાર્ય કરજો.

આપનું પરિણામ સૂચક ચિહ્નો સાથે દર્શાવવામાં આવે છે :
Lo / Hi / **કેટોન?**

Lo	**કેટોન?**	Hi
જ્યારે ગ્લુકોઝ ૧.૧ mmol/L (૨૦ mg/dL) કરતાં ઓછું હોય ત્યારે દેખાય છે.	જ્યારે ગ્લુકોઝ ૧૫ mmol/L (૨૭૦ mg/dL) સમાન હોય ત્યારે દેખાય છે.	જ્યારે ગ્લુકોઝ ૩૩.૩ mmol/L (૬૦૦ mg/dL) કરતાં વધુ હોય ત્યારે દેખાય છે.

વિતરક :
ડાયબેઅર્ઝ
૪ વિન્ટોનરી, મોન્ટ્રુમેન્ટ વૅ પેરટ
વોકિંગ, સર્રે, જીયુ ૨૧ પ્યલાન, યુકે
વેબસાઇટ : _ઠઠીબ્બાઠ્ઠિ.ભઠ્ઠાઁ
કૉલ સેન્ટર નંબર : ૦૧૪૮૩ ૩૫૫૧૩૩

તાઈડોક ટેક્નોલૉજી કૉર્પોરેશન
૩૬૬૬, પ્લેઝેન્ટ. ૧.૧૬૬, પૂર્વોત્તર ૨૫૬ રોડ, ૨૪૮૮૮ પૂલુ ટાઉનશિપ, તાઈપેઈ કાઉન્ટી, તાઈવાન

EC REP ઇકરી આરઇપી
મેડકેટ જીએમબીએચ
વોર્ફેઝુન ૧૦
૪૮૧૬૩ મુન્સ્ટર – જર્મની
ટેલી : +૪૯ ૨૫૫૩ ૩૨૪૬૬૦
ફૅક્સ : +૪૯ ૨૫૫૩ ૩૨૪૬૩૨૪

CE 0123 IVD
સ્વ–પરીક્ષણ માટે

315-4230200-004